અપીલ અરજી નં.૪૦૧ તા.૨૦–૩–૦૯

અરજદારઃ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ

સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી તા.૧–૯–૦૮ થી અરજી કરેલ તે અન્વયે પત્ર નં.ટીપીડી /આ.૫૩૦૪ તા.૨૪–૧૦–૦૮ થી આપેલ માહિતીમાં ખાતાકીય તપાસ અને રીપોર્ટ માટે કાર્યવાહી હેઠળ છે. તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૧ /૨૦૦૮–૦૯

શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી તા.૧–૯–૦૮ થી અરજી કરેલ તે અન્વયે પત્ર નં.ટીપીડી /આ.૫૩૦૪ તા.૨૪–૧૦–૦૮ થી આપેલ માહિતીમાં ખાતાકીય તપાસ અને રીપોર્ટ માટે કાર્યવાહી હેઠળ છે. તે અંગે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન પાઠવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ/ ૧૨૭૮ તા.૨૫–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.ટીપીડી/૨૮ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. તે દરમ્યાન અરજદારને પણ તા.૨૯–૩–૦૯ ના પત્રથી દિન–૩૪ ના વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણું રજૂ કરવા જણાવવામાં આવેલ પરંતુ તેઓ રજૂ કરવામાં નિષ્ફળ રહેલ છે.

અરજદારની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧, ખાતાકીય તપાસ અધિકારી કોણ છે તે જણાવશો, મુદ્દા નં.૨ તપાસ રીપોર્ટ તથા તપાસ રીપોર્ટમાં લીધેલ પુરાવા હોય અને તપાસનો તુમાર તથા મુદ્દા નં.૩ થયેલ કાર્યવાહીની વિગતો માંગેલ છે. જેની સામે અરજદારે અપીલ અરજીમાં ૯૦ દિવસ થયા તો પણ માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નં.ટીપીડી/આ.નં.૮૪૫૦ તા.૨૮–૩–૦૯ થી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ છે જેમાં કમિશનરશ્રીની સુચના મુજબ યોગ્ય કાર્યવાહી માટે ડે. કમિશનર (૫અનેઈ) પ્રતિ રવાના કરવામાં આવેલ છે તેવો જવાબ પાઠવવામાં આવેલ છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની વિલંબ અંગે કોઈ પણ જાતના વાજબીપણ વિનાની વિલંબિત અપીલ ગ્રાહય રાખવાપાત્ર થાય નહીં તેમ છતાં અરજદારની તા.૨૦–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને નં.ટીપીડી/આ.નં.૮૪૫૦ તા.૨૮–૩–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અરજી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશનર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ,